# જાહેરાત

સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ.શાખા , જિલ્લા પંચાયત ડાંગ આહવા દ્વારા કાર્યરત ડાંગ જિલ્લાની આંગણવાડી કાર્યકર / તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સને ૨૦૨૦–૨૧

આઈ.સી.ડી.એસ.શાખા, જિલ્લા પંચાયત ડાંગ હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર / તેડાગરની માનદવેતનથી નિમણુંક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

(અરજી માટે વેબસાઈટ **https://e-hrms.gujarat.gov.in** )

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા / સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૩ | ૩ | ૩૫ | ૨૧ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ –ઓફ–ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર , શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પુર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર / તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ **https://e-hrms.gujarat.gov.in** )ઉપર દર્શાવેલ સુચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિધ્ધ થયાથી દિન–૨૧ માં તારીખ : ૨૪/૦૭/૨૦૨૦ થી ૧૩/૦૮/૨૦૨૦ (રાત્રે ૧૨: ૦૦ કલાક) સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી ઉપરોક્ત દર્શાવેલ વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર / તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર / તેડાગરની માનદસેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત , ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત કાયકર માટે ધોરણ ૧૨ પાસ અથવા ધોરણ ૧૦ પાસ પછીનાં AICTE માન્યતા પ્રાપ્ત કોઈપણ ઓછામાં ઓછા ૨ વર્ષનાં ડિપ્લોમા કોર્ષ પાસ અને તેડાગર માટે ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત ગુણના ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પધ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.
- વધુ માહિતી માટે ડાંગ જિલ્લાના સબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS) તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

૨૩/૭/૨૦

જિલ્લા વિકાસ અધિકારી
જિલ્લા પંચાયત ડાંગ– આહવા

(આંગણવાડી કાર્યકર તથા તેડાગર માટે ઓનલાઈન અરજી માટેની વેબસાઈટ )

**https://e-hrms.gujarat.gov.in**

- ઓનલાઈન અરજી દરમિયાન અરજદારનું નામ માત્ર અંગ્રેજી તથા ગુજરાતીમાં લખવાનું રહેશે.
- આ સિવાયની તમામ વિગત અંગ્રેજી કેપિટલ માં ભરવાની રહેશે.

Towards a new dawn

**આઈ.સી.ડી.એસ. જિલ્લા ડાંગ–આહવા**